દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૪ એપ્રિલ, ૨૦૨૬

# દાવેદારી માટે સોશિયલ મીડિયાના ફોલોઅર્સની સંખ્યા જોવી તે લોકશાહીની કમનસીબી છે

એક સમય હતો કે જ્યારે જે તે નેતાની લોકપ્રિયતા તેની સભામાં આવતા લોકોની સંખ્યાને આધારે નક્કી થતી હતી. જવાહરલાલ નહેરૂથી માંડીને અટલબિહારી વાજપેયી, લાલુપ્રસાદ યાદવ, એવા નેતા હતા કે જેને સાંભળવા માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડતાં હતાં. જે તે નેતાની વિચારસરણીને આધારે તેને મત મળતાં હતાં પરંતુ સમય જતાં રાજકારણનો રંગ બદલાઈ ગયો છે. હવે નેતા લોકપ્રિય છે કે નહીં તેની ઓળખ સોશિયલ મીડિયામાં તેના કેટલા ફોલોઅર્સ છે તેના આધારે થાય છે. હાલમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે દાવેદારો પાસે ફોર્મ ભરાવ્યા અને તેમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે દાવેદારના સોશિયલ મીડિયાના કયા પ્લેટફોર્મ પર કેટલાક ફોલોઅર્સ છે તેની સંખ્યા પણ લખવી. ભૂતકાળમાં નેતાઓ લોકો પાસે સામેથી જતાં હતા અને પોતાનો પ્રચાર કરતાં હતા પરંતુ હવે એવી સ્થિતિ થઈ છે કે સોશિયલ મીડિયામાં જ પ્રચાર કરી લેવાનો રહેશે. જેને કારણે હવે એવા નેતાઓ જોવા મળશે કે જે કામ ઓછું અને સોશિયલ મીડિયા પર વધુ વ્યસ્ત રહેતા હશે.

જેમ જેમ ટેકનોલોજી આવતી ગઈ તેમ તેમ અન્ય ક્ષેત્રોની સાથે સાથે રાજકારણ પણ હાઈટેક થવા માંડ્યું છે. રાજકીય પ્રચારમાં ટેકનોલોજીનો સૌથી વધુ ઉપયોગ જો કોઈ નેતાઓ કર્યો હોય તો તે નરેન્દ્ર મોદી છે. જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે નરેન્દ્ર મોદીએ જ એકસાથે અનેક સ્થળે વર્ચ્યુઅલ જાહેરસભાઓ શરૂ કરી હતી. સોશિયલ મીડિયા પર પ્રચારનો સૌથી વધુ ઉપયોગ પણ નરેન્દ્ર મોદી અને ભાજપ દ્વારા જ કરવામાં આવ્યો. અન્ય પક્ષો દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આળસ કરવામાં આવી અને પરિણામે ભાજપ એટલું આગળ નીકળી ગયું કે અન્ય પક્ષોએ પ્રચાર માટે પણ ફાંફાં મારવા પડી રહ્યા છે.

મતદારોને ભરમાવવા માટે પણ સૌથી વધુ ઉપયોગ સોશિયલ મીડિયાનો કરવામાં આવી રહ્યો છે. જે રાજકીય પક્ષે ટેકનોલોજીનો ઉપયોગ નહીં કર્યો તેણે ચૂંટણીમાં હાર જોવી પડી છે. સ્માર્ટ ફોન થકી ભાજપ એવા અંતરિયાળ વિસ્તારોમાં પણ ઘૂસી ગયો કે જ્યાં તેની સ્હેજેય ઓળખ નહોતી. આદિવાસીઓને પોતાની તરફે કરવામાં ભાજપને સોશિયલ મીડિયા જ કામ લાગ્યું છે.

આ તો વાત પ્રચાર પુરતી હતી પરંતુ હવે દાવેદારો પાસેથી પણ સોશિયલ મીડિયાનો હિસાબ માંગીને ભાજપે એક નવો જ ચીલો પાડ્યો છે. ભાજપને જોઈને અન્ય પક્ષો દ્વારા પણ સોશિયલ મીડિયા પર ફોલોઅર્સની સંખ્યા દાવેદારો પાસે માંગવામાં આવશે. સોશિયલ મીડિયા પર કેટલા ફોલોઅર્સ છે તેનાથી જો ઉમેદવારો પસંદ કરવામાં આવશે તો દેશનું સત્યાનાશ નીકળી જશે. કારણ કે સોશિયલ મીડિયા પર વધુ ફોલોઅર્સ ધરાવનાર વ્યક્તિ નેતા તરીકે યોગ્ય હોય કે કેમ?તે અંગે મોટી શંકા છે. આટલું જ નહીં, સોશિયલ મીડિયા પર લાખો ફોલોઅર્સ ધરાવનારને વધુ મત મળે અને તે જીતે તેવું પણ હોતું નથી. મુંબઈમાં એક ચૂંટણીમાં સોશિયલ મીડિયા પર લાખો ફોલોઅર્સ ધરાવનારને ગણીને ત્રણ આંકડામાં જ મતો મળ્યા હતા! હકીકતમાં દેશને આજે સોશિયલ મીડિયામાં વધુ ફોલોઅર્સ ધરાવતાં નેતા નહીં પરંતુ એવા નેતાઓની જરૂરીયાત છે કે જેઓ ચૂંટાઈને કામ કરે. જો સોશિયલ મીડિયાના ફોલોઅર્સને જ જોવામાં આવશે તો નેતા ચૂંટાયા બાદ પણ પોતાના ફોલોઅર્સ વધારવામાં જ સક્રિય રહેશે અને લોકોના કામો ઓછા કરશે. રાજકીય પક્ષો પણ એટલી પરિપકવતા બતાવે કે જે વ્યક્તિ લોકોની સેવા કરી શકે તેવાને જ ઉમેદવાર બનાવે. નહીં તો ભવિષ્યમાં જે તે પક્ષે હારનું મોઢું જોવું પડશે તે નક્કી છે.

# કેરલમાં સામ્યવાદીઓ હારી ગયાં તો એક યુગનો અંત આવશે

આ મહિનામાં થનારી રાજ્યોની ચૂંટણીમાં કેરળની ચૂંટણી ઘણી રીતે રસપ્રદ બનવાની છે. 4 મેના રોજ ચૂંટણીનાં પરિણામ આવશે અને કેરળમાં સીપીએમની આગેવાની હેઠળનો એલડીએફ હારી જશે તો ભારત લગભગ અડધી સદીમાં પ્રથમ વખત ડાબેરીમુક્ત શાસન જોશે. અત્યારે વિજયન સરકાર છે અને એમની લોકપ્રિયતા હવે ઘટી છે અને એ સામે કોંગ્રેસને આ રાજ્યમાં સત્તા મેળવવા માટે ઘણો આશાવાદ છે અને ભાજપ પણ એડીચોટીનું જોર અજમાવી રહ્યો છે. જો કે, કોંગ્રેસનો આક્ષેપ છે કે, વિજયન અને મોદી વચ્ચે સારા સબંધો છે.

પણ આજે વાત કરવી છે ડાબેરીઓનું ભારતમાં ઘટતા જતા વર્ચસની. એક સમયે કેટલાંક રાજ્યોમાં ડાબેરી પક્ષોનો દબદબો હતો અને એમાં પ. બંગાળ પહેલું યાદ આવે. 1977માં જ્યોતિ બસુએ પશ્ચિમ બંગાળમાં સત્તા સંભાળી ત્યારથી ભારતમાં એક પણ દિવસ એવો નથી ગયો જ્યારે કોઈ રાજ્યમાં ડાબેરી શાસન ન હોય. જ્યારે 2011માં બંગાળમાં ડાબેરીઓ હાર્યાં ત્યારે પણ ત્રિપુરા ડાબેરી રહ્યું હતું. જ્યારે 2018માં ત્રિપુરા ગયું ત્યારે કેરળમાં પિનરાઈ વિજયન સત્તામાં આવી ચૂક્યા હતા

પણ દેશમાં ડાબેરી પક્ષો નબળા પડતા ગયા છે. આંકડાઓ જુઓ તો આ વાત સમજાઈ શકે છે. 2004માં લોકસભામાં ડાબેરી બળ 61 બેઠકોનું હતું. 2024માં માત્ર 9 બેઠકો થઈ ગઈ. આ માત્ર ચૂંટણીમાં સામાન્ય ઘટાડો નથી, પરંતુ એક રાષ્ટ્રીય પ્રવાહનું પતન છે.

આ પતન કઈ રીતે થયું એ જાણવું જરૂરી છે. કારણ કે આ માત્ર ચૂંટણીલક્ષી હાર નથી, પરંતુ એક લાંબા ગાળાના માળખાકીય ફેરફારનું પરિણામ છે અને એ કારણે ડાબેરીઓનો સામાજિક આધાર ઘટ્યો છે. તેમની વિચારધારા પ્રત્યેનું આકર્ષણ ઘટ્યું છે અને સંગઠનાત્મક ધાર બુઠ્ઠી થવા લાગી છે. આવું શા માટે બન્યું? કારણ એ છે કે, ડાબેરીઓએ એમનો લડવાનો આધાર બદલ્યો નથી. બદલાતા ભારત સાથે એમણે તાલ મેળવ્યો નથી.

ભારતમાં સામ્યવાદી રાજકારણ સંગઠિત કામદારો, જાહેર ક્ષેત્રનાં યુનિયનો અને ખેતમજૂરો પાસેથી શક્તિ મેળવતું હતું. રાજ્ય-સંચાલિત ઔદ્યોગિકીકરણના યુગમાં તે વ્યાજબી હતું. પરંતુ 1991 પછી ઉદારીકરણ આવ્યું. ભારતની વિકાસગાથા બદલાઈ ગઈ. હવે વિકાસ સેવા ક્ષેત્ર, અનૌપચારિક કામકાજ, ખાનગી સાહસ અને મહત્ત્વાકાંક્ષી વપરાશ દ્વારા સંચાલિત છે. હા, ડાબેરીઓ સાચા હતા કે ઉદારીકરણ અસમાનતા વધારશે, પરંતુ રાજકીય રીતે તેઓ આ ‘નવા બદલાતા ભારત’ સાથે મેળ બેસાડવામાં સફળ ના રહ્યાં. શહેરી મધ્યમ વર્ગનાં યુવાનો માટે આર્થિક સુધારા એ શોષણ નહીં પણ એક તક હતી. એક યુવાન સ્નાતક માટે, ઉદારીકરણ વિરોધી રેટરિક ઘણી વાર પ્રગતિના વિરોધ જેવું લાગતું હતું.

બદલાતા ભારત સાથે રાજકારણની ભાષા પણ બદલાઈ છે. સામ્યવાદી પક્ષો ‘સામ્રાજ્યવાદ’ અને ‘નવ-ઉદારીકરણ’ના વિરોધમાં જેટલા સ્પષ્ટ હતા, તેટલા તેઓ નવાં મતદારોની ચિંતા કરવા નિષ્ફળ ગયાં. પરીક્ષાનું દબાણ, ખાનગી શિક્ષણનો ખર્ચ, અસુરક્ષિત વ્હાઈટ-કોલર નોકરીઓ, શહેરી ભાડું અને આરોગ્યનાં બિલો વિશે બોલવામાં સક્ષમ નહોતા.

અને સામે ભાજપે શું કર્યું? ભાજપે એક અલગ પ્રકારની રાજનીતિ ઊભી કરી. હિંદુ એકીકરણ અને કલ્યાણકારી સુવિધાઓની ડિલિવરી. ડાબેરીઓનું નૈતિક મેદાન મોટા પક્ષોએ કબજે કરી લીધું. મોદી શાસન હેઠળ કલ્યાણકારી યોજનાઓને ‘ટાર્ગેટેડ ડિલિવરી’ તરીકે રજૂ કરવામાં આવી. મફત રાશન, શૌચાલય, ગેસ સિલિન્ડર અને સીધી રોકડ સહાય. ચૂંટણીના રાજકારણમાં મતદારો ભાગ્યે જ તે પક્ષને વળતર આપે છે જેણે પોલિસીની કલ્પના કરી હોય; તેઓ તે પક્ષને મત આપે છે જે તેમને લાગે છે કે યોજના પહોંચાડી શકે છે પણ ડાબેરીઓ ભાજપ પાસેથી આ ના શીખ્યા જે ભૂલ કોંગ્રેસે કરેલી એ જ ડાબેરીઓએ કરી.

બંગાળ અને ત્રિપુરામાં લાંબા વર્ષોના શાસનને કારણે જડતા આવી ગઈ હતી. સિંગુર અને નંદીગ્રામ જેવી ઘટનાઓએ બંગાળના ડાબેરીઓએ ગ્રામીણ ગરીબો સાથે બનાવેલા વિશ્વાસને તોડી નાખ્યો. બીજી તરફ તેમની રણનીતિ ક્યારેક બહુ જડ અને ક્યારેક બહુ તકવાદી રહી. હા, કેરળ એક અપવાદ રહ્યું છે, કારણ કે ત્યાંના ડાબેરીઓએ પરિસ્થિતિ મુજબ પોતાને અનુકૂળ બનાવ્યા, વધુ સારી રીતે શાસન કર્યું અને પોતાનો સામાજિક આધાર જાળવી રાખ્યો. પરંતુ કેરળ પણ એકલા હાથે રાષ્ટ્રીય ટ્રેન્ડને બદલી શકતું નથી. જો તે પણ હારી જાય, તો જે પ્રવાસ 1957માં કેરળથી શરૂ થયો હતો, તે કદાચ ત્યાં જ પૂરો થશે.પી. વિજયનની ઉંમર થઈ છે અને એન્ટીઈન્કમ્બન્સી પણ એમને નડી શકે છે. વિજયન જો

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

**ભારતમાં સામ્યવાદી રાજકારણ સંગઠિત કામદારો, જાહેર ક્ષેત્રનાં યુનિયનો અને ખેતમજૂરો પાસેથી શક્તિ મેળવતું હતું. રાજ્ય-સંચાલિત ઔદ્યોગિકીકરણના યુગમાં તે વ્યાજબી હતું**

જીતી ના શક્યા અને જો કેરળમાં 4 મેના રોજ હારી જશે, તો 50 વર્ષમાં પ્રથમ વખત ભારતમાં કોઈ પણ મુખ્યમંત્રી સામ્યવાદી પક્ષનો નહીં હોય. ભારતીય ડાબેરીઓ માટે હવે પ્રશ્ન એ નથી કે ઈતિહાસ પૂરો થઈ ગયો છે, ડાબેરીઓ ભારતની લોકશાહીમાં એક મહત્ત્વનો ભાગ હતા અને એ યુગ પૂરો થાય તો એ દેશ અને દેશનું રાજકારણ કેટલી હદે બદલાયાં છે એનો વધુ એક પુરાવો પણ બનશે.

**તામીલનાડુમાં વિજય કોને નુકસાન કરશે?**

તમિલનાડુના રાજકારણમાં અભિનેતા વિજયની પાર્ટી તમિલગા વેટ્ટી કઝગમના પ્રવેશથી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીનાં સમીકરણો રસપ્રદ બન્યાં છે. એ સત્તા તો ના મેળવી શકે પણ એ નુકસાન વધુ કોને કરશે અને એના કારણે રાજ્યમાં ત્રિશંકુ સ્થિતિ પેદા થઈ શકે કે નહિ એ જોવાનું છે. વિજયને ડીએમકે સામે વિરોધ છે અને વિજયની લોકપ્રિયતા યુવાનોમાં ખૂબ વધારે છે. જે યુવા મતદારો પરંપરાગત રીતે દ્રવિડિયન પક્ષો તરફ ઝૂકેલા હતા, તેઓ હવે વિજય તરફ વળી શકે છે. વિજયે ડીએમકે પર ભ્રષ્ટાચાર અને પરિવારવાદના આરોપો લગાવીને સરકાર વિરોધી લહેરનો લાભ લેવાનો પ્રયાસ કર્યો છે, જે સીધું શાસક પક્ષને નુકસાન કરી શકે છે.

તો બીજી બાજુ જનતા અન્ના ડીએમકેને પણ સારો વિકલ્પ માનતી નથી. એવા મતદારો વિજયને પસંદ કરી શકે છે. આ સ્થિતિમાં અન્ના ડીએમકેના મતોમાં પણ ગાબડું પડી શકે છે. આ સ્થિતિમાં કંઈ પણ થઈ શકે છે કારણ કે, તમિલનાડુમાં અત્યાર સુધી મુખ્યત્વે બે પક્ષો વચ્ચે જંગ રહેતો હતો. વિજયના આવવાથી મતો વહેંચાશે, જેનો સીધો ગેરફાયદો એ પક્ષને થશે જે જીતવા માટે નાના માર્જિન પર નિર્ભર હોય છે.

વાત રહી ભાજપની તો વિજયે ભાજપને દાદ આપી નથી. ભાજપે એને ડે. સી.એમ.ની ઓફર કર્યાનું પણ માનવામાં આવે છે. આનો અર્થ એ છે કે તેઓ સેક્યુલર અને દ્રવિડિયન ઓળખના મતો માટે લડશે. જો તેઓ આ મતો મેળવવામાં સફળ રહે, તો તે ભાજપના વિસ્તરણના પ્રયાસોને પણ અવરોધી શકે છે.

રાજકારણમાં જ્યારે ત્રીજો મોટો પક્ષ મેદાનમાં આવે ત્યારે ઘણી વાર ખંડિત જનાદેશ જેવી સ્થિતિ સર્જાય છે. જો વિજય નોંધપાત્ર મતો મેળવે, તો તે સત્તાધારી પક્ષના વોટ શેરને ઘટાડીને વિપક્ષને પરોક્ષ રીતે મદદ કરી શકે છે અથવા તો પોતે ‘કિંગ મેકર’ની ભૂમિકામાં આવી શકે છે. એટલે કે, વિજય મુખ્યત્વે ડીએમકેના યુવા અને તટસ્થ મતોમાં ગાબડું પાડી શકે છે, જેના કારણે તમિલનાડુનું વર્ષો જૂનું દ્વિ-પક્ષીય માળખું જોખમમાં આવી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ઊડતા, કપાતા, ડૂબતા પતંગો



દરિયાકિનારે બાળકો પતંગ ઉડાડી રહ્યાં હતાં. બાળકોના હાથમાં જુદા જુદા રંગના અને આકારના પતંગો હતા. કોઈના પતંગ આકાશમાં એકદમ ઊંચે ઊડી રહ્યા હતા, જાણે આકાશને આંબી જવાના હોય. અમુક બાળકો પોતાના પતંગને ઉડાડવાની કોશિશ કરી રહ્યાં હતાં. પતંગ ઉપર-નીચે ઊડી રહ્યા હતા. અમુક આકાશને આંબી રહ્યા હતા. અમુક નીચે નીચે ઊડી રહ્યા હતા. ઘણા પતંગો વચ્ચે પેચ લડાતા હતા અને પેચ લડાયા બાદ અમુક પતંગ કપાઈ જતાં અમુક પતંગ સામેવાળાના પતંગ કાપી નાખતા હતા.ક્યાંક કોઈનો ઊડતો પતંગ કપાઈને નીચે આવતો હતો તો ક્યાંક વધુ એક પતંગ કાપી અને સફળતાનો આનંદ હતો.અમુક પતંગ હવામાં ગોથાં ખાતાં નીચે આવી ગયા હતા. અમુક કપાયેલા પતંગ દરિયાનાં પાણીમાં ડૂબી રહ્યા હતા. આ તો પતંગની રમત હતી અને આનંદ હતો. દરિયાકિનારે એક માતા પોતાના બાળકને લઈને ફરવા આવી હતી. બધાને પતંગ ઉડાડતાં જોઈ નાનકડા છોકરાને પણ પતંગ ઉડાડવાનું મન થયું. માતાએ તેને બ્લુ રંગનો પતંગ અપાવ્યો. બાળક ખુશ થઈ પતંગ ઉડાડવા લાગ્યો. પતંગ ઉપર ઊડ્યો. બાળક ખુશ થઈ ગયો. થોડી વારમાં પતંગ કપાઈ ગયો. ગોથાં ખાઈને દરિયાનાં પાણીમાં પડ્યો. બાળક મમ્મી પાસે ગયો. મમ્મીએ પૂછ્યું, ‘‘શું થયું?’’ બાળકે રડમસ અવાજે કહ્યું, ‘‘મમ્મી મારો પતંગ...’’આટલું કહીને દરિયાની સપાટી પર તરતા બ્લુ પતંગ તરફ તેણે આંગળી કરી અને રડવા લાગ્યો. માતાએ બાળકને વ્હાલ કરી શાંત કર્યો પછી સમજાવતાં કહ્યું, ‘‘બેટા વાંધો નહીં. હું તને બીજો પતંગ અપાવીશ પણ પહેલાં મારી વાત સાંભળ. જો આ પતંગ આપણને જીવનની સમજ આપે છે તે સમજ. પતંગ ઉડાડીએ કે ઉપર ઉપર જાય એમ જીવનમાં ઉપર ઊઠવા સફળતા મેળવવા જીવનમાં ક્યારેક ઢીલ છોડવી પડે. અમુક વસ્તુ, જીદ, અભિમાન છોડવાં પડે. પતંગ ઉડાડતાં ક્યારેક બરાબર માંજો પકડીને રાખવો પડે તેમ ક્યારેક સત્યને બરાબર સાથ આપવો પડે. હવાના સહકારથી પતંગ સહેલાઈથી હવામાં ઊડે તેમ જીવનમાં સાચા મિત્રો અને સ્વજનોના સાથથી આપણે આગળ વધી શકીએ. હવાની રૂખ બદલાય જે આપણા હાથમાં ન હોય તેમ જીવનમાં ક્યારેક અમુક સંજોગો આપણા હાથ બહારની વસ્તુઓ હોય. જેમ પતંગ ઉડાડતાં પેચ લાગે અને હાથમાંની દોરી કપાઈ જાય તેમ અમુક વાર નિષ્ફળતાનો સામનો પણ કરવો પડે. હવામાં ગોથાં ખાતાં ખાતાં પતંગ નીચે પડે તેમ જીવનમાં પણ તકલીફો આવે, હવાની દિશા બદલાય તેમ જીવનમાં પણ પરિવર્તન આવે, બસ પતંગ ઉડાડતાં રહેવું અને મોજ માણતાં રહેવું એમ જીવન જીવતાં રહેવું અને આગળ વધવાના પ્રયત્નો કરતા રહેવા.’’ માતાએ પોતાના દીકરાને સુંદર સમજ આપી.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# 2026ની વિધાનસભા ચૂંટણીઓ: 2029ની લોકસભા પર નજર

2014 પછી, જ્યારથી રાષ્ટ્રીય મંચ પર નરેન્દ્ર મોદીનું આગમન થયું ત્યારથી યોજાયેલી દરેક ચૂંટણીએ એક અલગ પરિમાણ ધારણ કર્યું છે. ભાજપ તેમના નેતૃત્વ હેઠળ ઉપલબ્ધ તમામ સંભવિત માધ્યમોનો ઉપયોગ કરીને ચૂંટણીમાં વિજય મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને શાનદાર સફળતા પણ મળી રહી છે તેમ છતાં રાષ્ટ્રીય રાજકારણની દૃષ્ટિએ દરેક ચૂંટણીનો એક અલગ અર્થ અને સૂચિતાર્થ હોય છે. દરેક ચૂંટણી અગાઉની ચૂંટણી કરતાં અલગ હોય છે. જો કે, તમામ ચૂંટણી જંગો મોટા ભાગે ‘મોદી-ફેક્ટર’ની આસપાસ વણાયેલા હોય છે, જે ભાજપ માટે જીતની એકમાત્ર ફોર્મ્યુલા છે.

જો કે, આસામ, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં યોજાઈ રહેલી વર્તમાન વિધાનસભા ચૂંટણીઓ માત્ર એક અલગ રાજકીય કેનવાસ પર જ નથી લડાઈ રહી, પરંતુ તેની સાથે 2029ની લોકસભા ચૂંટણીના સંભવિત ભવિષ્યના આયામો પણ જોડાયેલા છે. ભાજપ અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ઈન્ડિયા ગઠબંધન બંને દૃષ્ટિકોણથી આ ચૂંટણીઓને જે રસપ્રદ બનાવે છે તે છે બંનેમાંથી કોઈ પણ છાવણીને મજબૂત અથવા નબળી બનાવવાની પ્રબળ ક્ષમતા.

આ રાઉન્ડની ચૂંટણીઓનું મહત્ત્વ એ હકીકતમાં રહેલું છે કે ચૂંટણીવાળાં પાંચમાંથી ત્રણ રાજ્યો-કેરળ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ-વિપક્ષી ગઠબંધન દ્વારા શાસિત છે, જેનું નેતૃત્વ કોઈ ને કોઈ પ્રાદેશિક પક્ષો કરી રહ્યા છે. જો કે, આસામમાં ભાજપનું શાસન છે, પરંતુ ત્યાં પૂર્વ કોંગ્રેસીઓ અને નાના પ્રાદેશિક જૂથોની મજબૂત છાપ છે. પૂર્વ કોંગ્રેસી નેતાઓનો અતિશય પ્રભાવ અને વફાદાર ભગવાધારી કાર્યકરોની ઉપેક્ષાએ ભાજપની અંદર ગંભીર ચિંતા પેદા કરી છે, જે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા (જે ખુદ ભૂતપૂર્વ કોંગ્રેસી છે)ના દબંગ અભિગમને કારણે વધી છે. રાજકીય રીતે ઓછા મહત્ત્વના એવા પુડુચેરીમાં પણ ભાજપ સત્તામાં રહેવા માટે કોંગ્રેસના એક અલગ થયેલા જૂથનો સહારો લઈ રહ્યું છે.

દક્ષિણ ભારતમાં કર્ણાટક સિવાય જ્યાં ભાજપ મજબૂતીથી સ્થાપિત થઈ શક્યું હતું, ત્યાં પક્ષે પુડુચેરીના માર્ગે કેરળ-તમિલનાડુની રાજનીતિમાં પ્રવેશવા માટે રાજકીય દાવપેચ દ્વારા પોતાના માટે એક દ્વાર ખોલ્યું હતું. એક વિચારધારા એવી પણ છે જે સતત કહી રહી છે કે, આ રાજ્યોમાં વિજય ભાજપ માટે પ્રભાવનાં નવાં ક્ષેત્રો ખોલશે, જે અત્યાર સુધી તેમની પહોંચ બહાર હતાં અને તેનાથી આગામી સામાન્ય ચૂંટણીઓમાં મોટો

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

**નવા પ્રદેશોની શોધમાં ભાજપ અને અસ્તિત્વની લડાઈમાં વિપક્ષ: કોણ મારશે બાજી? દક્ષિણ અને પૂર્વનાં રાજ્યોમાં મોદી-શાહની જોડી માટે મોટી કસોટી**

ફાયદો થશે. તેમનો એવો પણ મત છે કે કેરળ, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં પ્રથમ વખત સરકાર બનાવવામાં નિષ્ફળ રહેવાથી પક્ષની ભાવિ સફરને કોઈ પણ રીતે અવરોધશે નહીં કે મોદીની પ્રતિષ્ઠાને અસર કરશે નહીં. પરંતુ આ પૂર્વધારણા ઘણા અંશે ખોટી છે. વાસ્તવમાં, ભાજપની પરંપરા રહી છે તેમ, પક્ષે આ રાઉન્ડની ચૂંટણીઓને ખૂબ મહત્ત્વ આપ્યું છે અને ખુદ મોદી પ્રચારની કમાન સંભાળી રહ્યા છે. તેની પાછળનું કારણ એ છે કે, ચૂંટણીવાળાં પાંચમાંથી ત્રણ મહત્ત્વનાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઈન્ડિયા ગઠબંધનનું શાસન છે. આ રાજ્યો અત્યાર સુધી ભાજપ માટે પ્રતિબંધિત પ્રદેશો રહ્યા છે અને વર્તમાન નેતૃત્વ પોતાનું ક્ષેત્ર વિસ્તારવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે.

જો ભાજપ કેરળ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિરોધ પક્ષના ગઠબંધનને અસ્થિર કરવામાં અસમર્થ રહે તો શું? આ પ્રશ્નનો જવાબ એ હકીકતના પ્રકાશમાં શોધવો પડશે કે ભગવા પક્ષ 2024ની લોકસભા ચૂંટણીમાં સાદી બહુમતી મેળવવામાં નિષ્ફળ રહ્યો હતો અને મોદી સરકારના અસ્તિત્વ માટે તે ચંદ્રબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટી અને નીતીશકુમારની જનતા દળ (યુ) જેવા સાથી પક્ષોના ખભા પર ટકેલો છે. જો આ રાજ્યોમાં જીત મળશે તો ભાજપ અને ખાસ કરીને મોદી-અમિત શાહની જોડીનો ઉત્સાહ વધશે, પરંતુ હારની સ્થિતિમાં ભાજપ વધુ અસુરક્ષિત બનશે. પરિણામે, સાથી પક્ષો પર તેની નિર્ભરતા વધશે જે પક્ષના ટોચના નેતાઓને પસંદ નથી.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી, તમિલનાડુમાં એમ.કે. સ્ટાલિન અને કેરળમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળનું યુડીએફ અથવા સીપીએમના નેતૃત્વ હેઠળનું એલડીએફ વિજયી બનશે તો તેની રાષ્ટ્રીય સ્તરે ભાજપ પર પ્રતિકૂળ અસર પડશે. એ વાતમાં કોઈ શંકા નથી કે આ વિધાનસભા ચૂંટણીઓમાં ઘણું દાવ પર છે. ચોક્કસપણે, વિરોધ પક્ષો માટે દાવ વધુ ઊંચો છે, પરંતુ એમ કહેવું પણ ખોટું હશે કે ભાજપ માટે કંઈ જ દાવ પર નથી.

ભાજપ પોતાના ગઢ ગણાતાં રાજ્યોમાં પહેલેથી જ મર્યાદિત બની રહ્યું છે, જ્યાં 2014થી તે સતત જીતતું આવ્યું છે પરંતુ 2024ની લોકસભા ચૂંટણીમાં ત્યાં ઘટતો ટ્રેન્ડ જોવા મળ્યો છે. જૂના પ્રદેશોમાં સંતૃપ્તિની અસરને સરભર કરવા માટે તેને નવા અને વધુ સંભાવનાવાળાં ક્ષેત્રોની સખત જરૂર છે. તેથી જ તેમના માટે દેશના દક્ષિણ અને પૂર્વીય ભાગોનું મહત્ત્વ છે. આથી જ આસામને જાળવી રાખવું અને કેરળ, તમિલનાડુ તથા પશ્ચિમ બંગાળમાં પ્રવેશ કરવો તેમના માટે જરૂરી છે.

જો કે સંસાધનો અને સંગઠનાત્મક શક્તિની દૃષ્ટિએ આ લડાઈ બરાબરીની નથી, પરંતુ આ રાજ્યોના પ્રાદેશિક નેતાઓ દરેક મોરચે મોદીને ટક્કર આપી રહ્યા છે. સત્તાવિરોધી લહેર હોવા છતાં આ નેતાઓ પાસે ભાજપનો સામનો કરવા માટે મજબૂત સંગઠનાત્મક પીઠબળ છે. ઈન્ડિયા બ્લોક આ ચૂંટણીઓ તેના મૂળ સ્વરૂપમાં નથી લડી રહ્યો અને ગઠબંધન રાજ્ય પ્રમાણે અલગ-અલગ રૂપે જોવા મળે છે.

જો આ રાજ્યોમાં ઈન્ડિયા બ્લોક વિજયી બને અને કોંગ્રેસ આસામ તથા પુડુચેરી જીતી લે તો શું અસર થશે? તેનાથી આગામી લોકસભા ચૂંટણી પહેલાં વિખરાયેલા વિપક્ષને મોટું પ્રોત્સાહન મળશે. મમતા બેનર્જી અને સ્ટાલિન જેવા નેતાઓ પોતાનો ગઢ બચાવી રાખશે અને જો કોંગ્રેસ આસામમાં પણ સફળતા મેળવશે તો તે રાહુલ ગાંધીના નેતૃત્વ અને વિપક્ષના મનોબળને નવી ઊંચાઈ આપશે. ભાજપ અથવા વિપક્ષી ગઠબંધન, બંનેમાંથી ગમે તેની જીત વચ્ચે અનેક ‘જો અને તો’ રહેલા છે. કેટલાંક નવાં પરિબળો પણ સામે આવ્યાં છે, જેમ કે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીવાળાં રાજ્યોમાં ‘ખોટા અથવા નકલી’ મતદારોને દૂર કરવા માટે ઉતાવળે ‘સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન’ (એસઆઈઆર)નો આદેશ આપવો. વધુમાં, ચૂંટણી પંચે ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં ટોચના વહીવટી અને પોલીસ અધિકારીઓની બદલી કરીને જે અતિશય ઉત્સાહ બતાવ્યો છે, તે પરિબળો પણ હવે મેદાનમાં આવ્યાં છે. ચૂંટણીનું પરિણામ એ બાબત પર પણ નિર્ભર રહેશે કે આ પરિબળો ચૂંટણી પર કેવી અસર કરે છે અથવા તેને કેવી રીતે પ્રભાવિત કરે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### અભિનંદન કર્ણાટક અને આંધ્રપ્રદેશ

આપણા દેશમાં કર્ણાટક અને આંધ્રપ્રદેશ રાજ્યો દ્વારા બાળકોના સોશ્યલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકીને પ્રથમ બે રાજ્યો બનવાનું બહુમાન મેળવ્યું છે. ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયા દેશોએ પણ સોશ્યલ મીડિયા પર બેન મૂકીને સરાહનીય પગલું લીધું હતું. બંને રાજ્યો અને બંને દેશોના નેતાઓને અભિનંદન પાઠવું છું. બાળકો અને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકવો જોઈએ કે કેમ એ આજ કાલ ખૂબ જ ચર્ચાનો વિષય બન્યો છે. સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ હોવો જોઈએ એની તરફેણ કરનારાઓ જણાવે છે કે બાળકોના માનસિક આરોગ્ય પર નકારાત્મક અસરો નહીં થાય તે માટે તથા એમના અભ્યાસમાં ખલેલ નહિ પડે તે માટે એ પ્રતિબંધ જરૂરી છે. આજકાલ સોશ્યલ મીડિયામાં ટ્રોલિંગ અને સાયબર બુલિંગના બનાવો ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે જેને પરિણામે બાળકો માનસિક તણાવ અનુભવે છે અને કેટલીક વખત નહીં કરવાનું એ કરી બેસે છે. બાળકો માટે સોશ્યલ પ્રતિબંધ નહીં હોવો જોઈએ એ માટે એવી દલીલ કરવામાં આવે છે કે વર્તમાન ટેકનોલોજીના યુગમાં ડિજિટલ સાક્ષરતાનું શિક્ષણ આવશ્યક જ નહીં અનિવાર્ય પણ છે. અભ્યાસમાં સોશ્યલ મીડિયાનો હકારાત્મક ઉપયોગ પણ થઈ શકે છે. આ રીતે તરફેણ અને વિરુદ્ધમાં દલીલો થતી હોય છે. એવું લાગે છે કે સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો શક્ય નહીં હોય તો વચલો ઉપાય એ છે કે બાળકો માટે સોશ્યલ મીડિયાના ઉપયોગની સમયમર્યાદા નક્કી કરવામાં આવે. મા બાપ દ્વારા બાળકોનું કાઉન્સિલિંગ કરીને સોશ્યલ મીડિયાના ઉપયોગ માટે માર્ગદર્શન આપવામાં આવે. જો બાળકો વધારે પડતો સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરે તો તે ચોક્કસપણે નુકસાનકારક છે. સોશ્યલ મીડિયા સંપૂર્ણ રીતે ખરાબ નથી. એનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો મિત્ર અને ગાઈડની ગરજ પણ સારી શકે છે. બાળકો સોશ્યલ મીડિયાનો મર્યાદિત ઉપયોગ કરે તે માટે માતા-પિતા અને શિક્ષકોએ પણ સોશ્યલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો પડશે તો જ એમના માર્ગદર્શનનો પ્રભાવ પડશે. સોશ્યલ મીડિયાના રેશનિંગ માટે મા-બાપ અને શિક્ષકોની ભૂમિકા સવિશેષ છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### સુરતનું નવું નજરાણું

આપણા શહેરમાં રીંગરોડ પર ખટોદરા વિસ્તારમાં જૂની સબજેલની જગ્યા પર સુરત મહાનગરપાલિકાની નવી બિલ્ડીંગ બને છે. મારા ખ્યાલથી તે સુરતની સૌથી ઊંચી બિલ્ડીંગ બનશે. સુરત શહેર અને સ્થાનિક જનતા માટે ખૂબ જ ગર્વની વાત થશે.આ બિલ્ડીંગ સુરતની મધ્યમાં છે અને શહેરના ઘણા વિસ્તારમાંથી જોઈ શકાય છે. તો મારે શાસક પક્ષ અને સુરત મહાનગરપાલિકાના અધિકારીઓને જણાવવાનું કે, જો નવી બિલ્ડીંગમાં ઉપરના ભાગે વ્યુવીંગ ગેલેરી જેવું કંઈક બનાવે તે નવું નજરાણું થશે. કારણ કે હું માનું છું કે બિલ્ડીંગ ઉપરથી સુરતનો ઘણો વિસ્તાર દેખાશે. ખાસ તો જૂનું સુરત જોવાની મજા આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની જેમ ઉપરથી જોવાની ટીકીટ રાખવી જોઈએ. જેનાથી સુરત મહાનગરપાલિકાને આવક ઊભી થશે. જો આવું થયું તો ઉપરથી જૂનું સુરત અને નવું સુરત જોવાની મજા આવશે.

**સુરત - કિરીટ માટલીવાળા**

### અફવા,વિકૃત ભેજાની પેદાશ

કોઈ પણ વાત વાયુવેગે લોકોમાં ફેલાય અને તેની તપાસ કરતાં કાંઈ ન નીકળે તેને અફવા કહેવામાં આવે છે. અફવા ફેલાવવાનું કામ વિકૃત માનસ ધરાવતાં તત્ત્વોનું હોય છે. લોકોમાં ભય સાથે ભાગદોડ અને અફરાતફરી મચી જાય તેનો અફવાખોરો વિકૃત આંનદ માણતાં હોય છે. હાલમાં બજેટ સત્રના પ્રારંભના દિવસે ગુજરાત વિધાનસભામાં બોમ્બ મુકાયો છે એવી વાત વહેતી થતાં આખી વિધાનસભા ખાલી કરી દેવામાં આવી હતી. પોલીસે તપાસ કરતાં કાંઈ ન મળ્યું. આમ આ એક અફવા સાબિત થઈ હતી. ઘણી વાર તો બસ-સ્ટેન્ડ, રેલવે સ્ટેશન પર બોમ્બ મુકાયો છે એવી વાત વહેતી થતાં લોકોમાં ભય ફેલાતો હોય છે. અમેરિકા, ઈઝરાયેલ, ઈરાન વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું છે. જેથી રાંધણગેસની તંગી ઊભી થઈ છે. પેટ્રોલ-ડિઝલ પુરાવવા માટે વાહનોની લાંબી લાઈનો લાગતી હતી. સરકારે જાહેરાત કરી કે ઈંધણનો પૂરતો જથ્થો છે. છતાં વાહનચાલકો ટાંકી ફુલ કરાવવા ઉમટી પડ્યાં હતાં. આ બધી વાતો ભ્રામક હતી અને અફવાખોરોની વિકૃત ભેજાની પેદાશ હોય છે. દેશવિરોધી પ્રવૃત્તિ કરનાર સામે દેશદ્રોહનો ગુનો લગાવવામાં આવે છે, તેમ પોલીસ, આઈ.બી.એ અફવા ફેલાવનારાં તત્ત્વોને શોધીને “વિકૃત માનસ ધરાવતા આરોપી” તરીકે ધરપકડ કરવી જોઈએ. અફવાનું ખંડન થવું જ જોઈએ, જેથી પ્રજા ભયમુક્ત બની શકે.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**

### ચારિત્ર્યના ઠેકેદારોને

ચારિત્ર્યના ઠેકેદારો ઠેકઠેકાણે જોવા મળે છે. એવા ઠેકેદારો એમ માનતા હોય છે કે ચારિત્ર્ય એટલે સેકસ અને સેકસ એટલે ચારિત્ર્ય. વિશાળ અર્થધારી ચારિત્ર્ય શબ્દ વિશેની એમની સમજ કુંઠિત હોય છે. ઈમાનદારી, સહાનુભૂતિ, સહાય, દયા-દાન, હમદર્દી, પ્રેમ, કોઈને છેતરવું નહીં, માતા-પિતા સાથે સલૂકાઈ, સદવર્તન, ઉધ્ધતાઈ- તોછડાઈથી દૂર રહેવું તેમજ નૈતિક મૂલ્યોની સમજદારી હોવી વગેરે. નૈતિકતા અને સંસ્કાર આ બેમાં જ મોટેભાગે ચારિત્ર્ય સમાઈ જાય છે. ચારિત્ર્યના ઠેકેદારોને ઓળખવા મુશ્કેલ હોય છે. એવા લોકો આધ્યાત્મિકતાનો અંચળો ઓઢીને પોતાના વર્તન-વિચારને ઢાંકતા ફરે છે. સેકસ, જાતીયતા જીવમાત્રામાં રહેલી એક કુદરતી વૃત્તિ છે, જેને કૂકરના વાલ્વ સાથે સરખાવી શકાય. ભૂખ લાગવી, તરસ લાગવી, ઊંઘ આવવી, સેકસ માણવાની ઈચ્છા થવી વગેરે કુદરતી વૃત્તિઓ છે. એમાંથી કોઈ પણ માનવી બાકાત નથી. (કહેવાતા સંતો, બાબાઓ, ઠગારામો પણ) કુદરતી વૃત્તિનું દમન કરી શકાતું નથી, પરંતુ શમન અને ઉર્ધ્વીકરણ કરી શકાય છે. દુનિયાના મહાન સેકસોલોજીસ્ટો. સીગ્મંડ ફ્રોઈડ, કાર્લજુંગ, હેવલોક એલિસ, વાત્સ્યાયન મુનીશ્રી, ડો. પારસ શાહ, ડો. પ્રકાશ કોઠારી વગેરેએ આ બાબતે અનેક પુસ્તકો લખેલાં છે. ‘ઈરોટિકા ધ આર્ટ ઓફ લવિંગ’ (દળદાર સચિત્ર પુસ્તક રૂ. 5,4000/- આ પુસ્તક જોવા-વાંચવાથી સેકસ વિશે વૈજ્ઞાનિક જાણકારી મળશે. બીજાના અંગત જીવનમાં દખલ કરનાર ‘ઠેકેદાર’ પોતાના અંગત જીવન બાબતે મૌન શા માટે સેવે છે ?! બીજા સામે આંગળી ચીંધનારની બાકીની આંગળીઓ પોતાના તરફ જ તકાયેલી હોય છે. ‘અન્યનું તો એક વાંકું આપના અઢાર છે.’ ચારિત્ર્ય એટલે MORALITI, જે વ્યાપક અર્થ ધરાવે છે. લંકાનો રાજા રાવણ દક્ષિણના કેટલાક ભાગોમાં ભગવાનની જેમ પૂજાય છે. બળવાન અને મહાજ્ઞાની રાવણ ચારિત્ર્ય વાન પણ હતો. તેણે સીતાને સ્પર્શ પણ ન હતો કર્યો.

**પાલ ભાઠા - રમેશ એમ. મોદી**

### સંગીતના તેજસ્વી તારલાને સ્મરણાંજલિ

સુરત શહેર સંગીતપ્રિય જનતાથી સભર છે. તાજેતરમાં સુરત શહેરનો સંગીત ક્ષેત્રનો તેજસ્વી તારલો રૂપાંગભાઈ ખાનસાહેબ જેમણે સંગીતને આત્મસાત કર્યું હતું. એમની વિદાય સંગીતનાં ચાહકો માટે વસમી બની રહી. રૂપાંગભાઈએ અનેક બાળગીતો અને કાવ્યરચના કરી સંગીતથી સજાવી હતી. ઘણાં ગાયકોને સંગીત ક્ષેત્રે માર્ગદર્શન આપ્યું હતું. સ્વયં પણ શ્રેષ્ઠ ગાયક હતા જ. ઘણી સંસ્થાઓમાં એમના સ્વરચિત અને સ્વરબદ્ધ કરેલી રચનાઓ ગૂંજે છે. શિવરંજની ગ્રુપ દ્વારા એમને શ્રેષ્ઠ સ્મરાંજલિ અર્પણ કરવામાં આવી હતી. રૂપાંગભાઈ સંગીતનાં ચાહકો માટે સદાને માટે હૃદયસ્થ જ રહેશે. સુરતના જાણીતા સંગીતકાર સાથે રૂપાંગભાઈએ ઘણી સુંદર રચના સ્વરબદ્ધ કરી હતી. રૂપાંગભાઈ આજીવન સંગીતના ઉપાસક રહ્યા. સમગ્ર જીવન સંગીતને જ સર્મપિત કર્યું એવા રૂપાંગભાઈ ખાનસાહેબને પ્રભુએ સંગીત માણવા એમની પાસે આમંત્રિત કરી દીધા. સુરતનાં સંગીતચાહકોને એમની ખોટ સદા સાલશે.

**સુરત - નેહા શાહ**